## આવા રાવણો ક્યાં?

સીતાને મળવા એકવાર રાવણને ખ્યાલ ન આવે
એ રીતે અશોક વાટિકામાં મંદોદરી આવ્યા. બન્ને વચ્ચે ઔપચારિક વાતો થયા પછી
સીતાએ મંદોદરીને કહ્યું,
'એક બાબતમાં તને ધન્યવાદ આપવાનું મન થાય છે કે
તને રાવણ જેવા પતિ મળ્યા છે. કારણકે દહીં પોતાના તાબામાં હોય,
દહીં પોતાને ભાવતું પણ હોય અને પોતાને દહીં ખાવાની ઈચ્છા પણ હોય અને છતાં
માત્ર દહીંની વિનંતિને માન આપીને બિલાડો એ દહીંને ખાવાનું મુલતવી રાખે તો બિલાડો
ધન્યવાદને પાત્ર ગણાય કે નહીં? તારા પતિદેવ અત્યારે આ પરાક્રમ કરી રહ્યા છે. એમને ય ધન્યવાદ
છે અને આવા પતિ મળવા બદલ તું ય ધન્યવાદનુ પાત્ર છે.'
આવા 'રાવણો' આજે ક્યાંય હોય તો અમને દર્શન આપે.

## શરમ વિના....

ભાઈ દુર્યોધન!
માત્ર ૫૦૦/૭૦૦ની સભા વચ્ચે દુ:શાસનના હાથે દ્રૌપદીનાં ચીવર(કપડાં) ઉતરાવતા
તને પડેલી તકલીફની વાત વાંચી
અમને આશ્ચર્ય થયું, અમને લાગ્યું કે કૃષ્ણના સમયમાં થઈ ગયેલ
તારો જન્મ એ તારું દુર્ભાગ્ય હતું.
બાકી, તું જો અમારા આ સમયમાં જન્મ્યો હોત તો
તને એમાંની એક પણ તકલીફ ન પડી હોત,
કારણ કે આ સમયમાં તો સામે ચડીને, ખૂબ રાજી-ખુશીથી
કરોડો દર્શકોની સામે માત્ર એક-બે નહીં,
સો-હજાર નહીં બલ્કે લાખો આધુનિક (દ્રૌપદીઓ!)
યુવતીઓ શરમ વિના પોતાનાં વસ્ત્રો ઉતારી રહી છે.
પછી વસ્ત્રાહરણની તકલીફ પડવાનો પ્રશ્ન જ ક્યાં છે?

## એ ભૂલ... રાજનેતાઓ ક્યારેય કરતાં નથી,

રાજન્ દશરથ!
રામાયણના બધા જ પ્રસંગો વાંચ્યા પછી અમે એ નિષ્કર્ષ પર આવ્યા છીએ કે,
આ તમામ પ્રસંગોના મૂળમાં તમે જ હતા.
કૈકેયીને આપેલ વચન પૂર્ણ કરવાની (?) ભૂલ જો તમે ન કરી હોત તો આ
રામાયણનું સર્જન જ ન થયું હોત.
અલબત, કૈકેયીને તમે 'માગ માગ તું માગે એ તને આપું'
એ જે વચન આપ્યું એ તમારી ભૂલ નહોતી
કારણકે પ્રજાજનો એ વચન આપવાની બાબતમાં
તો અમારા આ દેશના રાજનેતાઓ ગજબનાક હદે
ઉદાર છે પણ આપેલ વચન પૂર્ણ કરવાની તમે જે ભૂલ
કરી એ ભૂલ અમારા રાજનેતાઓ ક્યારેય કરતા નથી.
અમને એમ લાગે છે કે રાજકારણમાં અમારા નેતાઓ
કરતાં તમે ઘણાં ઊતર્યા, નહિતર
એ સ્થિતિ ન સર્જાઈ હોત!

## અફસોસ!

સામગ્રી સંપત્તિથી ખરીદી શકાય છે,
ઘઉં બાજરીના બદલામાં મેળવી શકાય છે,
સંપત્તિ સોનાની સામે મળી શકે છે,
નોકરના હાથ શેઠ બનીને ખરીદી શકાય છે પરંતુ
કોકના હૈયાને જો હું મારું બનાવી દેવા માગું છું તો
એ માટે એક જ મૂડી મારી પાસે હોવી જરૂરી છે
અને એ મૂડીનું નામ છે પ્રેમ!
અફસોસ! એ એક જ મૂડી પ્રત્યે હું જીવનમાં
વધુ ને વધુ ઉદાસીન બન્યો રહ્યો છું!

## તેવી સમજણની જરૂર છે.

બૂટનું પરિધાન મોજાંમાં રહેલ કાણાંઓને છુપાવવામાં
સફળ બની જતું હોય તો ય મોજાંઓ રહે છે તો કાણાંવાળા જ!
ગમે ત્યારે એ બે –આબરૂ કરી શકે છે.
ખમીસનું પરિધાન છાતીના કેન્સરને અપ્રગટ રાખવામાં
સફળ બની જતું હોય તો ય છાતીનું કેન્સર રહે છે તો ત્યાં ને ત્યાં જ!
ગમે ત્યારે લમણે મોત ઝીંકી શકે છે.
દંભનું સેવન અંતરમાં રહેલ દુર્ગુણોને દબાવી રાખવામાં
સફળ બને છે તો ય આત્માને દુર્ગતિમાં જતો રોકવામાં તો એ ધરાર નિષ્ફળતાને જ વરે છે.
જો આજ મારી હાલત હોય તો દુર્ગતિ પ્રોબ્લેમરૂપ લાગે તેવી સમજણની જરૂર છે.

## મુખમાંથી શબ્દો સરી પડયાં

એક વૃદ્ધ પુરુષના હાથને પકડીને હસતે ચહેરે
એમને રસ્તો પસાર કરાવતો એક યુવક મને દેખાયો.
ઘરમાં રહેલ ૮૦ વરસની વયનાં લકવાગ્રસ્ત
સાસુના મોઢામાં વહાલથી ભોજનનો કોળિયો
મૂકતી એક પૂત્રવધુ મને દેખાઈ.
અજાણી યુવતીની છેડતી કરતા એક યુવકને
પડકાર કરીને ભગાડી મૂકતો એક પવિત્ર યુવક
મારી આંખે ચડી ગયો. તમામ અનુકૂળતા છતાં
એકાંતમાં રૂપવાન યુવક સાથે વાતો કરતી વખતે
પોતાની આંખો નીતી ઢાળીને બેસેલી એક સુશીલ
યુવતી મેં જોઈ. સાસરે આવેલી પુત્રવધુનું મસ્તક
પોતાના ખોળામાં મુકાવીને એના પર પ્રેમભર્યો હાથ
પસવારતી સાસુને મેં જોઈ.
મારા મુખમાંથી શબ્દો સરી પડ્યા,
હવે કોઈ પ્રોબલેમ નથી.

## શ્મસાન માટે જરૂરી.....

આ એ ઘર છે કે જેમાં
પપ્પા ‘હસતા’ જોવા મળતા નથી.
બાળકો ‘રમતા’ જોવા મળતા નથી.
સ્વજનો એક સાથે બેસીને ‘જમતા’ જોવા મળતા નથી.
નાનાઓ મોટાઓને ‘નમતા’ જોવા મળતા નથી.
પોતાની ભૂલ થઈ હોવાનું જાણ્યા પછી ય દીકરાોઅ ત્યાંથી ‘ખસતા’ જોવા મળતા નથી.
મમ્મી બાળકો પ્રત્યે ‘મમતા’ દાખવતા જોવા મળતા નથી.
ગલત નિમિત્તે વાતાવરણ ડહોળાયેલાનું જાણવા છતાં,
કુટુંબના સભ્યો એકબીજાને ‘ખમતા’ જોવા મળતા નથી.
સમજાતું નથી, ‘સ્મશાન’ને ‘ઘર’નું લેબલ શેં મળી ગયું હશે?

## બાર વાગ્યાં

બે કૂતરા ભેગા થાય, સામ સામુ ભસીને પછી જ જુખા થાય,
બે આખલા ભેગા થાય, સામસામે શિંગડાં ભરાવીને પછી જ જુદા થાય,
બે ગધેડા ભેગા થાય, પાછલા પગે એકબીજાને લાત મારીને પછી જ જુદા થાય,
એમ કહેવાય છે કે,
ઘડીયાળમાં બાર ઉપર બે કાંટા ભેગા થાય એટલે બાર વાગ્યાં એમ કહેવાય,
અને કાંટા જેવા બે માણસો ભેગા થાય ત્યારે લોકોના બાર વાગ્યા એમ કહેવાય.
સુરક્ષિત કે સુકોમળજીવન જીવવામાં પ્રોબલેમ શું નડે છે?

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

# કોઈ પ્રોબ્લેમ ખરો?

મકાન ખંડિયર બની જાય,
વાસણ ભંગાર બની જાય,
કપડું ચીથરું બની જાય,
ફર્નિચર લાકડું બની જાય,
કાગળ ડૂચો બની જાય,
નદી રણ બની જાય
કાળ! તારી આ કમાલ તો મારા ખ્યાલમાં છે જ
પણ પ્રભુ પ્રત્યે પ્રગટી ગયેલ મારા લાગણીના ઝરણાંને
મહાસાગર બનતા અટકાવવાની તાકાર તારામાં નથી જ.
એવી ભક્તિ-શક્તિને કોઈ પ્રોબલેમ થશે?

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु